અપીલ અરજી નં.૧૩/૦૮-૦૯ તા.૧૬-૪-૦૮

અરજદારઃ શ્રી રાઘવભાઈ જાદવભાઈ કથીરીયા
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન

# હુકમઃ-

***વિષય :***-આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાઘવભાઈ જાદવભાઈ કથીરીયાની તા.૧૦/૧૧-૩-૦૮ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૨૦ (નાના વરાછા,કપોદ્રા) રે.સ.નં.૮ ફા.પ્લોટ નં.૮૫,૮૬ માં આવેલ શીલ્પશ્રી કો.ઓ.હા.સો.લિ.(ક્રિષ્ના ઈન્ડ.એસ્ટેટ) ના મંજુર લે- આઉટ પ્લાનની નકલ આપવા બાબત.

***સંદર્ભ :***- અરજદાર મજકુરની તા.૧૬-૪-'૦૮ ની અપીલ અરજી નં.૧૩/૨૦૦૮-૦૯

શ્રી રાઘવભાઈ જાદવભાઈ કથીરીયાની તા.૧૧-૩-૦૮ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૨૦ (નાના વરાછા,કપોદ્રા) રે.સ.નં.૮ ફા.પ્લોટ નં.૮૫,૮૬ માં આવેલ શીલ્પશ્રી કો.ઓ.હા.સો.લિ. (ક્રિષ્ના ઈન્ડ.એસ્ટેટ) ના મંજુર લે- આઉટ પ્લાનની નકલ આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ /૫૨૬ તા.૩૧-૩-૦૮ થી આઉટ પ્લાનની નકલ અત્રે ઉપલબ્ધ ન હોવાનું જણાવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬-૪-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલો તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩ તા.૨૩-૪-૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને પાઠવવામાં આવેલ. જે અંગે ઈઝેડ/આરટીઆઈ/આ.નં.૫૨૬ તા.૩-૫-૦૮ થી અત્રેના વિભાગને મળેલ. માહિતીમાં મુળ અરજી તથા અરજદારને તેઓ કક્ષાએથી પાઠવેલ પત્રની નકલ સામેલ છે. તે સિવાય માહિતીના ઈન્કાર માટે અપવાદ હેઠળનું કોઈ વાજબીપણું કે દફતરે ઉપલબ્ધ નહી હોવાનું કારણ દર્શાવેલ નથી.

અરજદારે અપીલ અરજીમાં માહિતી ઉપલબ્ધ કરાવવા જણાવેલ છે. સાથે સદર માહિતીની વાંચી ન શકાય તેવી નકલ સામેલ કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટ હેઠળના અપવાદની કોઈ વિગતો જણાવેલ નથી. અરજદારે રજૂ કરેલ નકશાની નકલ સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈસ્યુ થયેલ જણાય છે. તે ધ્યાને લઈ અરજદારે માંગેલ માહિતી જરૂર જણાય કલમ-૧૧ સહિતની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન-૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૫ -૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાઘવભાઈ જાદવભાઈ કથીરીયા,